પત્રક ભાગ–૩

પંદરમી ગુજરાત વિધાનસભા

# શનિવાર, તા.૧૭મી ઓક્ટોબર, ૨૦૨૬

## ૪૪૫. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક :–

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૨૯/૦૯/૨૦૨૬ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૨માં મળી હતી.

સમિતિની ઉક્ત બેઠકમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા તાલુકાઓમાં રાજ્ય સરકાર અને પંચાયત હસ્તકના રોડ–રસ્તાઓની ગુણવત્તા, વહીવટી સુધારા અને સ્થાનિક પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

રોડ–રસ્તાઓની કામગીરીમાં વર્કઓર્ડર આપ્યા બાદ કામ શરૂ કરવામાં થતા વિલંબ અને કોન્ટ્રાક્ટર દ્વારા ક્ષમતાથી વધુ કામ લેવાથી થતી સમસ્યા અંગે ચર્ચા થઈ હતી. સમિતિએ કોન્ટ્રાક્ટરની ક્ષમતા મુજબ કામ ફાળવવા અને સમયમર્યાદામાં કામ પૂર્ણ કરાવવાની કાળજી રાખવા જણાવેલ હતું. રસ્તાઓનું ટકાઉપણું વધારવા માટે જ્યાં પાણી ભરાવવાની સમસ્યા છે ત્યાં ડામરના બદલે ક્યોરિંગ પિરિયડની અનુકૂળતા મુજબ સી.સી. રોડ બનાવવા અને રોડ સાઈડમાં થતા ગેરકાયદે દબાણો પર કાયદેસરની કાર્યવાહી કરવા સમિતિએ સૂચન કર્યું હતું. તથા રસ્તાની બંને બાજુમાં જંગલ કટિંગ સમયસર કરાવવાની તાકીદ કરી હતી.

સમિતિએ ચોમાસામાં પાણી ભરાઈ જવાથી બંધ થઈ જતા રસ્તાઓનો ડ્રોન/સેટેલાઈટ સર્વે દ્વારા વાસ્તવિક સ્થિતિનો અભ્યાસ કરી રોડનું સ્તર ઊંચું કરવા, નાળા/કોઝવેની કાયમી વ્યવસ્થા કરવા સમિતિએ ભલામણ કરી હતી.

વિભાગ હસ્તકની તાબા હેઠળની તાંત્રિક અને બિન–તાંત્રિક કચેરીઓના મહેકમમાં ઓ.બી.સી. અનામતના ૨૭%ના નિયમ મુજબ સંવર્ગવાર નવી ભરતી અને ખાલી જગ્યાઓની ચોક્કસ માહિતી સમિતિને રજૂ કરવાનું જણાવીને સમિતિએ વિભાગની તપાસ મુલતવી રાખી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડયા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**